# મોરભાઈની વારતા



વારતા રે વારતા, શૈલેષ સાહેબ આવતા,

નવું નવું લાવતા, છોકરા ભણાવતા.

એક છોકરો આવ્યો, બીજાને સમજાવ્યો

એમ કરતા બોલ્યા, વારતા રે વારતા.

શૈલેષ સાહેબ મુંજાયા, મુસીબતમાં ફસાયા,

અંતે કર્યો વિચાર, વાર્તાનો સ્વીકાર.

ખૂબ ગળું ખંખેર્યું, બોલવાનું ચાલું કર્યું.

'વાર્તા સાંભળવી છે?' શિક્ષકે કહ્યું. 'હા..હા..હા..' છોકરાઓએ જવાબ વાળ્યો. આમ થોડીવાર સવાલ જવાબ થયાં. નાની કે મોટી ? મોટી..મોટી.. મોટી..ના નાની..નાની..નાની..જાડી કે પાતળી ?

જાડી..જાડી..જાડી..પાતળી.. પાતળી..પાતળી જ કરો સાહેબ. લાલ કે પીળી ? લાલ..લાલ..પીળી..પીળી..જંગલની કે ગામની? જંગલની જવાદો. ના સાહેબ, જંગલની તો રોજ સાંભળી છે. આજે તો ગામની જ વાર્તા કરો.

શિક્ષક ટટ્ટાર થયા અને બોલ્યા, ‘હં, હવે બરાબર તૈયાર થયા છો ને ?’ છોકરાઓ બોલ્યા, ‘હાં, હવે કહો.’ ...તો સાંભળો : એક મોર હતો. બપોરનો સમય હતો. તે ભર ઉંઘમાં સૂતો હતો...... પછી ? સૂતો જ હતો.પછી ? અલ્યાં, ઉઠે ત્યારે વાર્તા આગળ ચાલેને ? ‘સાહેબ કહોને વળી ?’ છોકરાઓ બોલ્યાં. ‘આજે બાળકો તમે જ કહો કે પછી શું થયું હશે ?’ શિક્ષકે કહ્યું. જુદા જુદા ક્રમિક જવાબો આવવા લાગ્યાં.

વાર્તા આમ આગળ ચાલે છે .....પછી તો મોર ઉઠ્યો. તેને ખૂબ ભૂખ લાગી હતી. તેથી ખોરાકની શોધમાં નિકળ્યો. ખૂબ દૂર દૂર ચાલ્યો. રસ્તામાં તેની નજર એક ખેતર પર પડી. ત્યાં ખૂબ જ અનાજ પાક્યું હતું. મોર તે તરફ ગયો. ખેતરમાં ઘણા પંખીઓ ચણતાં હતા. ખેડૂતે વાવેલો પાક ઘણો સારો થયો હતો. મોરભાઈને પણ ચણવાની લાલચ જાગી. વળી થયું ધણી વગરના ખેતરમાં ચણવું કેમ ? તેના મનમાં વિચાર આવ્યો કે, ‘જેમ હું ભૂખ્યો છું તેમ ખેડૂત પણ ભૂખ્યો નહી હોય ? તેના બાળકોને ખાવા નહીં જોય ? તેણે આટ આટલી મહેનત કરીને પાકની સંભાળ લીધી છે. માટે પૂછયા વગર મારાથી ન લેવાય. તે તો ચોરી કહેવાય.’ મોરે આ વાત બીજા પંખીઓને કહીને ચેતવ્યાં, પરંતુ કોઈએ મોરની વાત ન માની. ઉલ્ટાના મોરને મુરખનું બિરુદ આપીને હસી પડયા.

મોર તો ગયો તે ખેડૂતના ઘરે. બારણું ખખડાવ્યું એટલે ખેડૂતપત્નીએ બારણું ખોલ્યું. મોરને જોઈને તેઓ નવાઈ પામી ગયા. મોરે પોતાનું આવવાનું કારણ જણાવ્યું તેણે કહ્યું કે, ‘મને ખૂબ ભૂખ લાગી છે. મારાથી તમારી મહેનતના ફળ પૂછયા વગર કેમ ખવાય ? તેથી તમારા ખેતરમાં ચણવાની રજા લેવા આવ્યો છું.’

આ સાંભળીને ખેડુતને દયા આવી. તેઓને થયું કે, બીજા પક્ષીઓ પૂછયા વગર ઘણું નુકશાન કરે છે. જ્યારે મોર પૂછવા આવ્યો છે. તેથી તે ભલો કહેવાય. આજ તો પોતાની સાથે ઘરે જ જમાડયો. તેના આ વિવેકના વખાણ કર્યાં. આ પ્રસંગે ખેડૂતને વિચાર કરતો કરી દીધો. થોડીવાર પછી પોતાનો સંકલ્પ જાહેર કર્યો કે, ‘હું પંખીઓ માટે ચબુતરો અને પાણીનું પરબ બંધાવીશ.’ મોર આ જાહેરાત સાંભળીને આનંદમાં નાચવા લાગ્યો. ખેડૂતનો આભાર માની પંખીઓને આનંદના સમાચાર આપવા દોડી ગયો.

ખેડૂતે ગામમાં સભા ભરીને ગામલોકોને સમજાવ્યા અને ફાળો મેળવ્યો. સૌ કામે લાગી ગયા. થોડા દિવસોમાં સુંદર મજાનો ચબૂતરો અને પાણીની પરબ બની ગઈ. તેમાં અનાજ અને

પાણી નિયમિત ભરાઈ તેની વ્યવસ્થા કરવામાં આવી સૌ પંખીઓ નિર્ભય થઈને ભૂખ-તરસ સંતોષવા લાગ્યા. દાણા ચણતા જાય અને ગામલોકોને મૂંગા આશિષ આપતા જાય છે. ખેતરમાં અનાજ બગડતું બંધ થયું અને ગામમાં સુખશાંતી વધી.

આ બધાનો યશ મોરભાઈને જાય છે. માટે તેની યાદગીરી રૂપે ચબૂતરા ઉપર તેની મૂર્તિ કોતરાવવામાં આવી. આજે પણ ગામે ગામ ચબૂતરા ઉપર મોરની મૂર્તિ મૂકવામાં આવે છે. જોયુંને બાલદોસ્તો, મોરની સુંદરતા અને શાણપણ કેવા હતા. તેથી તો તે 'રાષ્ટ્રીય પક્ષી' છે.

શૈલેષ જે. કાલરિયા 'દોસ્ત'